**Ex–23**

<u>**ફોર્મ–એ**</u>

## <u>મહે. એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–માંડવી</u>

**<u>ચુકાદાની તારીખ :–</u> ૨૭–૧૦–૨૦૨૫**

**<u>ફોજદારી કેસ નં.:–</u> ૧૦૪૪/૨૦૨૨**

**<u>ગઢશીશા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૮૮/૨૦૨૨</u>**

**<u>ગુન્હો :–</u> ઈ.પી.કોડની કલમ–૩૫૪(ડી) મુજબ**

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી ડી. સી. ઠાકોર |
| **આરોપી :–** | **સાજીદ હુસેન કુંભાર, ઉ.વ.ર૪,**<br>રહે.રામપર વેકરા, તા.માંડવી |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી પી. એન. કુફલ |

<u>**ફોર્મ–બી**</u>

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૦૯–૦૭–૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૦૯–૦૭–૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | : | ૦૨–૧૦–૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | : | ૦૩–૦૧–૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૨–૦૬–૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | –– |
| ચુકાદાની તારીખ | : | ૨૭–૧૦–૨૦૨૫ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | –– |

<u>**આરોપીની વિગત :–**</u>

| આરોપી | આરોપીનું નામ | ધરપકડ | જામીન | તહોમત | શું | કરવામાં | સુનાવણી |
|---|---|---|---|---|---|---|---|

| નો અ.નં. | | ની તારીખ | મુકિત તારીખ | | નિર્દોષ છોડયુ/ સજા કરી | આવેલ સજા | દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં. ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સાજીદ હુસેન કુંભાર | ૯–૭–૨૨ | ૧૦–૭–૨૨ | ઈ.પી.કો. કલમ–૩૫૪(ડી) | નિર્દોષ | – | – |

<u>**ફોર્મ–સી**</u>

<u>**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**</u>

<u>**(એ) ફરીયાદ પક્ષ :–**</u>

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફ.સા.૧ | ભોગ બનનારની જુબાની | ફરીયાદી |
| ફ.સા.૨ | ધનબાઈ ભચુ સંગારની જુબાની | સાહેદ |
| ફ.સા.૩ | નરશી લખુભાઈ મહેશ્વરીની જુબાની | સાહેદ |
| ફ.સા.૪ | સંજયસિંહ રવુભા જાડેજાની જુબાની | સાહેદ |
| ફ.સા.૫ | હિંમતલાલ રેવાશંકર રાજગોરની જુબાની | પંચ સાહેદ |
| ફ.સા.૬ | ધર્મેશકુમાર નટવરભાઈ વસાવાની જુબાની | ત.ક.અ. |
| ફ.સા.૭ | લખુ આરબ કોલીની જુબાની | પંચ સાહેદ |

<u>**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–**</u>

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

<u>**(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :–**</u>

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

<u>**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:–**</u>

<u>**(એ) ફરીયાદ પક્ષ :–**</u>

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ફ.૧ | ૮ | ફરીયાદીએ આપેલ ફરીયાદ |
| ફ.૨ | ૧૫ | અટક પંચનામુ |
| ફ.૩ | ૨૧ | પી.એસ.ઓ.ને ગુનો દાખલ થવા કરેલ યાદી |

**(બી) બચાવ પક્ષ :-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| - | -- | -- |

**(સી) અદાલત ધ્વારા :-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| - | -- | -- |

**(ડી) મટીરીયલ ઓબ્જેકટસ :-**

| અનુ. નં. | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| - | -- | -- |

## -: ઠરાવ :-

(૧) નામદાર સુપ્રિમ કોર્ટે **એ.આઈ.આર. ૨૦૦૪ સુપ્રિમ કોર્ટ પાના નં. ૪૩૩, સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ પુતારાજા**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ ભોગ બનનાર સ્ત્રીની ગરીમા જળવાઈ રહે તે હેતુસર આ હુકમમાં ભોગ બનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

(૧.૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૯-૭-૨૦૨૨ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે રામપર ગામના બસ સ્ટેશન પાસે, તા.માંડવી ખાતે આ કામના આરોપીએ ફરીયાદીના મોબાઈલ નં.૭૯૯૦૪૫૨૬૫૦ વાળા ઉપર બનાવેલ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. nanda-sangar 3 નામની આઈ.ડી. પર આરોપીએ તેની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. sajid-kumbhar-1459 વાળા પરથી

ફરીયાદીને હાય હેલ્લો, જાનુ જેવા ખરાબ મેસેજ કરી, ઈ.પી.કોડની કલમ-૩૫૪ (ડી) મુજબનો ગુનો કરેલ છે. જે બાબતની ફરીયાદીએ સંબંધિત પોલિસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને તપાસના અંતે પડેલ પુરાવા પરથી ત.ક. અમલદારશ્રી ધ્વારા ઉકત નંબરથી અત્રેની કોર્ટમાં હાલના આરોપી સામે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** આ કામના આરોપીને સમન્સની બજવણી થતા અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ અને પોલિસ પેપર્સની નકલો આપી તેમની વિરૂધ્ધના ગુના સબબ આંક-૩ થી તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી, આંક-૪ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતા આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી, તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમજ વિશેષમાં કાંઈ કહેવુ છે તેવા સવાલના જવાબમાં તેમની સામે ખોટો કેસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

**(૪)** ફરીયાદ પક્ષ-શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી. સી. ઠાકોર તથા બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી પી. એન. કુફલની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૯-૭-૨૦૨૨ ના રોજ

કલાક ૧૫:૩૦ વાગ્યે રામપર ગામના બસ સ્ટેશન પાસે, તા.માંડવી ખાતે આ કામના આરોપીએ ફરીયાદીના મોબાઈલ નં.૭૯૯૦૪૫૨૬૫૦ વાળા ઉપર બનાવેલ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. nanda-sangar 3 નામની આઈ.ડી. પર આરોપીએ તેની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. sajid-kumbhar-1459 વાળા પરથી ફરીયાદીને હાય હેલ્લો, જાનુ જેવા ખરાબ મેસેજ કરી, ઈ.પી.કોડની કલમ-૩૫૪(ડી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેનાં નિર્ણય નીચે મુજબ છે :-

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

## -: નિ ર્ણ ય નાં કા ર ણો :-

**મુદા નં.૧ :-**

(૭) ફોજદારી કાર્યરીતિ પ્રણાલી પ્રમાણે ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓ હર કોઈ શંકાથી પર સાબિત કરવાનો હોય અને તે મુજબ આ જવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. સાથો સાથ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ-૧૩૪ મુજબ સાહેદોનો જથ્થો મહત્વનો નથી, પરંતુ સાહેદોએ આપેલ પુરાવાની ગુણવત્તા મહત્વની છે, જે પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮) ફરીયાદ પક્ષે આરોપી સામેની આક્ષેપિત હકીકત પુરવાર કરવા સારૂ આ કામે ફરીયાદી (ભોગ બનનાર)ને આંક-૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ચારેક વર્ષથી જી.આર.ડી.માં નોકરી

કરે છે, તા.૯–૭–૨૦૨૨ ના રોજ સવારના સાડા નવેક વાગ્યે તેઓ તથા તેમની બેન ધનબાઈ બન્ને જણા તેમની નોકરી રામપર ગામની પ્રાથમિક સ્કુલમાં હોય તેઓ બન્ને જણા તેમના પોઈન્ટ ઉપર ગયેલ હતા, તેમની નોકરી ચાલુ હતી દરમ્યાન તેમના મોબાઈલ નં. ૭૯૯૦૪૫૨૬૫૦ વાળા ઉપર તેમની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. નંદા સંઘાર ૩ નામની બનાવેલ, જે આઈ.ડી. તેઓ વાપરતી હતી, બપોરના સાડા ત્રણેક વાગ્યે આ તેમની આઈ.ડી. ઉપર સાજીદ કુંભાર નામની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ઉપરથી ''હાય'' હેલ્લો લખેલ મેસેજ આવેલો, જેથી તેમણે રીપ્લાય આપેલ ''હા બોલો ભાઈ'' જેથી તેમને સામેથી જણાવાયેલ કે મારે તમારી સાથે ફ્રેન્ડશીપ કરવી છે તેવો મેસેજ મોકલેલ, જેથી તેમણે સામે જવાબ આપેલ કે હું અહિં ફ્રેન્ડશીપ કરવા આવેલ નથી હું ડયુટી કરવા માટે આવેલ છુ, જેથી સામેથી મને મેસેજ લખેલ કે ''ઓકે યાર'' જેથી તેમણે તેને સામે કહેલ કે મને બેન કહેજો યાર નહિ કેજો, તો તેને સામે તેણીને મેસેજ કરેલ કે ''ઓકે જાનુ'', ત્યાર બાદ તેમણે મેસેજ મોકલનારને કહેલ કે તુ કયા છે હું ત્યાં આવુ, તેમણે તેણીને કહેલ કે હું તારા સામે બસ સ્ટેશનમાં બેઠો છુ તેવુ જણાવેલ, જેથી તેણી ત્યાં તેની પાસે ગયેલ ત્યાં ચાર છોકરા બેઠેલા હતા જેમા આ મેસેજ કરનાર માણસ ત્યાં હાજર હતો, તેણીએ તેમને કહેલ કે મને કેમ મેસેજ કરે છે તેમ કહેતા તેણે કહેલ કે હવે મેસેજ નહિ કરૂ અહિંથી જાવ, તેણીએ તેમના જી.આર.ડી.ના નાયક હતા તેમને પોતાની સાથે બનેલ હકીકતની જાણ કરેલ, જેઓએ તેમના અધિકારી સંજયસિંહને જાણ કરેલ, તેઓએ આ બાબતની જાણ પોલિસ સ્ટેશનમાં કરેલ, જેથી પોલિસના માણસો તેણી જે જગ્યાએ પોઈન્ટ ઉપર ડયુટીમાં હતા તે જગ્યાએ આવેલા, ત્યારે મેસેજ મોકલનાર માણસે માફી માંગેલી જેથી પોલિસના માણસો પાછા જતા રહેલા, ત્યાર બાદ સાંજે નવેક વાગ્યે પી.આઈ. શ્રી ડી. એન. વસાવા સાહેબ તેમને ત્યાં આવેલા અને તેઓ રૂબરૂ તેણીએ ફરીયાદ આપેલી, તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેમની સહી છે જે ઓળખે છે જે ફરીયાદ આંક–૮ થી રજુ છે, તેમને મેસેજ

મોકલનાર આરોપી આજ રોજ નામદાર કોર્ટમાં હાજર છે તે તે જ છે.

ત્યાર બાદ આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ જે.આર.ડી. ખાતામાં નોકરી કરે છે તેથી પોલિસ ખાતાની બધી માહિતી છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પ્રાથમિક શાળા પાસે રહેણાંકના મકાનો આવેલ છે અને તે જગ્યાએ ઘણા માણસોની અવર જવર રહે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ લખાવવા માટે તેઓ પોલિસ સ્ટેશન ગયેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વસાવા સાહેબ મારા ઘરે ફરીયાદ લખવા માટે આવેલ હતા, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમની જે.આર.ડી.માં નાઈટ ડયુટી પણ આવે છે, એ વાતનો ઈન્કાર કરે છે કે ઈન્સ્ટાગ્રામમાં આપણે જેને ફોલો કરીએ તેને જ મેસેજ કરી શકાય, સાહેદ જણાવે છે કે રીકવેસ્ટ કરે તે મેસેજ કરી શકે, એ વાતનો સ્વીકાર કરે છે કે કોઈ પણ વ્યકિત ઈન્સ્ટાગ્રામ ઉપર ફેક આઈ.ડી. બનાવી શકે અને કોઈ પણ વ્યકિતનો ફોટો લગાવી શકે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમની ફરીયાદમાં લખાવેલ છે કે છોકરાએ માફી માંગેલી તેથી તેઓ પોલિસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ નહિ, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમની ફરીયાદમાં સાજીદ કુંભાર.૧૪૫૯ લખાવે છે જયારે તેમની સરતપાસમાં સાજીદ કુંભાર લખાવેલ છે, તે સિવાય આરોપી પક્ષે મુકેલા બચાવના સજેશનોને આ સાહેદે નકારી કાઢેલ છે.

(૮.૧) ફરીયાદ પક્ષે સાહેદ ધનબાઈ ભચુ સંગારને આંક–૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી (ભોગ બનનાર) તેમના બેન થાય છે, તેઓ જી.આર.ડી.માં નોકરી કરે છે, તા.૭–૯–૨૦૨૨ ના રોજ રામપર ગામે સ્કુલ પાસે ત્યાં તેમની ફરજ હોય તેઓ બન્ને જણા તેમની ફરજ ઉપર હાજર હતા, દરમ્યાન તેમની બેન (ભોગ બનનાર) ઉપર ફોન ઉપર મેસેજ આવેલો જે મેસેજમાં ''હાય'' ''જાનુ''જેવા મેસેજ આવેલા, જે મેસેજ તેમની બેન સાથે તેઓ હાજર હોય જેથી તેમને તેમની બેને બતાવેલ,

જેથી બસ સ્ટેશનમાં બેસેલ છોકરા પાસે તેઓ ગયેલા અને ત્યાં બેઠેલ છોકરાને તેમણે મેસેજ બતાવેલ, જે છોકરો મેસેજ કરતો હતો તે મેસેજ જે છોકરાએ કરેલ હતો તે બીજા છોકરાને બતાવતો હતો, જેથી તેમની બેને જે છોકરો મેસેજ કરતો હતો તેની ઉપર કાર્યવાહી કરવા માટે ફરીયાદ તેમની બેને આપેલ, પોલિસે તેમનું બનાવ સંબંધે નિવેદન લીધેલ, તેમની બેનને મેસેજ કરવાવાળો છોકરો આજ રોજ નામદાર કોર્ટમાં હાજર છે.

ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે તેઓ જે.આર.ડી. ખાતામાં નોકરી કરે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને રોજ પોલિસ સ્ટેશન જવાનું થાય છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પોલિસ ખાતાની કામગીરીથી તેઓ વાકેફ છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પ્રાથમિક શાળાની આજુબાજુ મકાનો આવેલા છે અને તેમા માણસો રહે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમના નિવેદનમાં તેમના બેનને ઈન્સ્ટાગ્રામની કોઈ માહિતી લખાવેલ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમના નિવેદનમાં તેમની બેનના મોબાઈલ નંબર લખાવેલ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમના નિવેદનમાં એવુ લખાવેલ છે કે છોકરાએ માફી માંગતા તેઓ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલ ન હતા, તે સિવાય આરોપી પક્ષે મુકેલા બચાવના સજેશનોને આ સાહેદે નકારી કાઢેલ છે.

(૮.૨) ફરીયાદ પક્ષે સાહેદ નરશી લખુભાઈ મહેશ્વરીને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૨ ના વર્ષમાં જી.આર.ડી.માં નોકરી કરતા હતા, ફરીયાદી (ભોગ બનનાર) બેન જેઓ પણ તેમની સાથે યુનિટમાં નોકરી કરતા હતા, તેઓની નોકરી રામપર વેકરા ગામે હતી, તેમને માંડવી કચેરીએથી નાયક સાહેબનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા વિસ્તારમાં નોકરી કરતા ભોગ બનનાર (ફરીયાદી બેન)ને કોઈ મોબાઈલથી મેસેજ

કરી હેરાન કરે છે તેવુ જણાવેલ, જેથી તેમણે ભોગ બનનાર (ફરીયાદી બેન)ને પોલિસ સ્ટેશનના નંબર આપેલા, તેઓ ભોગ બનનાર ફરીયાદી બેનને મળેલ નથી, ભોગ બનનારને કોણ હેરાન કરતુ હતુ તે તેમણે જોયેલ નહિ.

ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને ખાલી જાણવા મળેલ, એ વાતનો સ્વીકાર કરે છે કે કહેવાતા બનાવ સમય ત્યારે જી.આર.ડી.ના કર્મચારી હતા, એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી બેન પણ જી.આર.ડી.ના કર્મચારી હતા, તે સિવાય આરોપી પક્ષે મુકેલા બચાવના સજેશનોને આ સાહેદે નકારી કાઢેલ છે.

**(૮.૩)** ફરીયાદ પક્ષે સાહેદ સંજયસિંહ રવુભા જાડેજાને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૨૨ ના વર્ષમાં જી.આર.ડી.માં નોકરી કરતા હતા, ભોગ બનનાર ફરીયાદી બેન જેઓ પણ તેમની સાથે યુનિટમાં નોકરી કરતા હતા, તેઓની નોકરી રામપર વેકરા ગામે હતી અને તેમની સાથે નોકરી કરતા નરશીભાઈ મહેશ્વરીએ તેમને જાણ કરેલ કે ભોગ બનનાર ફરીયાદી બેનના મોબાઈલ ઉપર કોઈ મેસેજ કરી તેઓને હેરાન કરે છે, ભોગ બનનાર ફરીયાદી બેનને કોણ મોબાઈલથી મેસેજ કરી હેરાન કરતુ હતુ તેની તેમને ખબર નથી, નરશીભાઈએ તેમને કોઈ નામ જણાવેલ નથી, તેમણે નરશીભાઈને જાણ કરેલ કે ગઢશીશા પોલિસ સ્ટેશન લાગે છે જેથી તમો ગઢશીશા પોલિસ સ્ટેશને જાવ તેવી વાત કરેલ, બનાવ બાબતે ભોગ બનનાર ફરીયાદી બેનએ પોલિસ ફરીયાદ આપેલી, પોલિસે તેમનું નિવેદન લીધેલ.

ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને ખાલી જાણવા મળેલ, એ વાતનો સ્વીકાર કરે છે કે કહેવાતા બનાવ સમય ત્યારે જી.આર.ડી.ના કર્મચારી હતા,

એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી બેન પણ જી.આર.ડી.ના કર્મચારી હતા, તે સિવાય આરોપી પક્ષે મુકેલા બચાવના સજેશનોને આ સાહેદે નકારી કાઢેલ છે.

(૮.૪) ફરીયાદ પક્ષે પંચ સાહેદ હિંમતલાલ રેવાશંકર રાજગોરને આંક–૧૪ થી તથા પંચ સાહેદ લખુ આરબ કોલીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલિસે તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલ, તે સિવાય પંચનામાની હકીકત અંગે તેઓ કંઈ જાણતા નથી, આંક–૧૫ ના પંચનામામાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. આ સાહેદોને ફરીયાદ પક્ષે હોસ્ટાઈલ જાહેર કરી એ.પી.પી. ધ્વારા ઉલટ તપાસ કરેલ છે, પરંતુ ઉલટ તપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત કઢાવી શકેલ નથી. ત્યાર બાદ આરોપી પક્ષ તરફે આ સાહેદોની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, આ પંચ સાહેદોના પુરાવાથી આંક–૧૫ થી રજુ થયેલ અટક પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

(૮.૫) ફરીયાદ પક્ષે સાહેદ ધર્મેશકુમાર નટવરભાઈ વસાવાને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ ત.ક.અમલદાર છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૨ ના વર્ષમાં તેઓ ગઢશીશા પોલિસ સ્ટેશનમાં પોલિસ ઈન્સ્પેકટર તરીકે ફરજ પર હતા, દરમ્યાન તા.૯–૭–૨૦૨૨ ના રોજ ફરીયાદી (ભોગ બનનાર), રહે. જુના જામથડાવાળા જેઓ જી.આર.ડી. તરીકે નોકરી કરતા હતા તેઓની નોકરી દરમ્યાન રામપર ગામે ફરજ પર હતા અને સાજીદ કુંભાર, રહે. રામપરવાળાએ મોબાઈલ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.થી (ભોગ બનનાર) ફરીયાદી બેનને મેસેજ મોકલેલ હોય જેથી તેઓએ તેમના રૂબરૂની ફરીયાદ આપતા તેણીના લખાવ્યા મુજબની ફરીયાદ લીધેલ, જે ફરીયાદ યાદી સાથે પી.એસ.ઓ. ધ્વારા ગુનો રજીસ્ટર થવા મોકલી આપેલ, જે યાદી આજ રોજ તપાસના કાગળોમાંથી રજુ કરે છે જેને આંક–૨૧ આપવામાં આવે છે,

પી.એસ.ઓ. ધ્વારા ગુ.ર.નં.૧૮૮/૨૦૨૨ થી ઈ.પી.કોડની કલમ–૩૫૪(ડી) મુજબનો ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોંપેલ, તપાસ દરમ્યાન સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપીની તે જ દિવસે ગુનાના કામે અટક કરી ગુનાના કામે ઉપયોગમાં લીધેલ મુદામાલ મોબાઈલ ફોન પંચનામાની વિગતે કબજે કરેલ જે પંચનામુ આંક–૧૫ થી રજુ છે જેમા પંચો અને રૂબરૂ તરીકે તેમની સહી છે, ફરીયાદીએ આપેલ ફરીયાદ આ કામે આંક–૮ થી રજુ છે તેમા ફરીયાદી અને રૂબરૂ તરીકે તેમની સહી છે, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ, આરોપી હાજર છે તે તે જ છે.

ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદી પોલિસ સ્ટેશને ફરીયાદ લખાવવા આવેલ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે આ કામે જી.આર.ડી. કર્મચારી સિવાય અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, તે સિવાય આરોપી પક્ષે મુકેલા બચાવના સજેશનોને આ સાહેદે નકારી કાઢેલ છે. આ સાહેદે તપાસની કરેલ કાર્યવાહીને લગતો પુરાવો આપેલ છે.

(૯) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામે જે મહત્વનો પુરાવો આપી શકે તે ફરીયાદી (ભોગ બનનાર) ને આંક–૭ થી તપાસેલા છે. તેમનો પુરાવો જોતાં તેમણે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને પોતાના મૌખિક પુરાવા દરમ્યાન વળગી રહેવા પ્રયત્ન કરેલ છે અને આંક–૮ થી રજુ કરેલ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જયારે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કરેલ સ્વીકાર મુજબ તેઓ જે.આર.ડી. ખાતામાં નોકરી કરે છે તેથી પોલિસ ખાતાની બધી માહિતી છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પ્રાથમિક શાળા પાસે રહેણાંકના મકાનો આવેલ છે અને તે જગ્યાએ ઘણા માણસોની અવર જવર રહે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે ફરીયાદ લખાવવા માટે તેઓ પોલિસ સ્ટેશન ગયેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે

વસાવા સાહેબ મારા ઘરે ફરીયાદ લખવા માટે આવેલ હતા, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમની ફરીયાદમાં લખાવેલ છે કે છોકરાએ માફી માંગેલી તેથી તેઓ પોલિસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ નહિ. આમ, આ કામના ખુદ ફરીયાદીએ કરેલ સ્વીકાર મુજબ છોકરાએ માફી માંગેલી તેથી તેઓ પોલિસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ નહિ હોવાની હકીકત જણાવેલ છે અને વસાવા સાહેબ તેમના ઘરે ફરીયાદ લખવા માટે આવેલ હોવાનું જણાવેલ છે, જેથી ખરેખર ફરીયાદ આ કામના ભોગ બનનાર ફરીયાદીએ જયારે બનાવ બનેલ તે વખતે તાત્કાલિક નજીકમાં પોલિસ સ્ટેશન હોવા છતા ફરીયાદ નહિ લખાવેલ હોવાની હકીકત સ્પષ્ટ રીતે રેકર્ડ પર આવેલ છે. આમ, ફરીયાદી જુબાની દરમ્યાન ફરીયાદની હકીકતને વળગી રહેવા પ્રયત્ન કરેલ છે પરંતુ આ સાહેદની જુબાનીમાં અને ફરીયાદમાં મહત્વના વિરોધાભાસ આવે છે એટલે કે જુબાનીમાં કેટલીક હકીકતો જણાવેલી છે તે ખરેખર ફરીયાદમાં લખાવેલ નથી, જેથી તેમનો પુરાવો શંકાસ્પદ બને છે. વળી, ફરીયાદીએ મૌખિક પુરાવામાં જે હકીકતો જણાવેલી છે તેને ફરીયાદ પક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળતુ નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરાયેલ નથી. જેથી ઉપરોકત ફરીયાદી (ભોગ બનનાર)નો પુરાવો ઉપર જણાવ્યા મુજબ માનવાલાયક, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર જણાય આવતો નથી.

વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ ધનબાઈ ભચુ સંગારને આંક–૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ આઈ વીટનેશ છે, તેઓએ પોતાના મૌખિક પુરાવા દરમ્યાન ફરીયાદ હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. ત્યાર બાદ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કરેલ સ્વીકાર મુજબ તેઓ જે.આર.ડી. ખાતામાં નોકરી કરે છે, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને રોજ પોલિસ સ્ટેશન જવાનું થાય છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પોલિસ ખાતાની કામગીરીથી તેઓ વાકેફ છે, એ વાતનો સ્વીકાર કરે છે કે પ્રાથમિક શાળાની આજુબાજુ મકાનો આવેલા છે અને તેમા માણસો રહે છે, એ વાતનો સ્વીકાર

કરે છે કે તેમણે તેમના નિવેદનમાં તેમના બેનને ઈન્સ્ટાગ્રામની કોઈ માહિતી લખાવેલ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમના નિવેદનમાં તેમની બેનના મોબાઈલ નંબર લખાવેલ નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમણે તેમના નિવેદનમાં એવુ લખાવેલ છે કે છોકરાએ માફી માંગતા તેઓ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલ ન હતા તેમ જણાવેલ છે. આમ, ઉપરોકત સાહેદ ધ્વારા પણ તેમની ઉલટતપાસમાં કરેલ સ્વીકાર મુજબ છોકરાએ માફી માંગતા તેઓ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલ ન હોવાની હકીકત જણાવેલ છે, જેથી કહેવાતી ફરીયાદ આ કામના ફરીયાદીએ બનાવ બનેલ ત્યાર બાદ તાત્કાલિક ફરીયાદ ન નોંધાવી અને મોડેથી તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા રૂબરૂ ભોગ બનનાર ફરીયાદી બેનના ઘરે જઈ જે ફરીયાદ લીધેલ છે તે બાબતે શંકા ઉપસ્થિત થાય છે. એટલુ જ નહિ પરંતુ આ કામના સાહેદના જણાવ્યા મુજબ તેમણે તેમના નિવેદનમાં તેમના બેનની ઈન્સ્ટાગ્રામની કોઈ માહિતી લખાવેલ નથી કે તેમની બેનના મોબાઈલ નંબર લખાવેલ નથી તેમ જણાવેલ છે. જેથી આ સાહેદે તેમની જુબાનીમાં કેટલીક હકીકતો જણાવેલી છે તે ખરેખર તેમના નિવેદનમાં લખાવેલ નથી, જેથી પણ આ સાહેદનો પુરાવો શંકાસ્પદ બને છે. જેથી ઉપરોકત સાહેદનો પુરાવો ઉપર જણાવ્યા મુજબ માનવાલાયક, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર જણાય આવતો નથી.

વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ નરશી લખુભાઈ મહેશ્વરીને આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે પોતાના મૌખિક પુરાવા દરમ્યાન તેઓ સને ૨૦૨૨ ના વર્ષમાં જી.આર.ડી.માં નોકરી કરતા હતા, ફરીયાદી (ભોગ બનનાર) બેન જેઓ પણ તેમની સાથે યુનિટમાં નોકરી કરતા હતા, તેઓની નોકરી રામપર વેકરા ગામે હતી, તેમને માંડવી કચેરીએથી નાયક સાહેબનો ફોન આવેલ અને જણાવેલ કે તમારા વિસ્તારમાં નોકરી કરતા ભોગ બનનાર (ફરીયાદી બેન)ને કોઈ મોબાઈલથી મેસેજ કરી હેરાન કરે છે તેવુ જણાવેલ, જેથી તેમણે ભોગ બનનાર (ફરીયાદી બેન)ને પોલિસ સ્ટેશનના નંબર આપેલા હોવાનું

જણાવેલ છે. જો કે તેઓ ભોગ બનનાર ફરીયાદી બેનને મળેલ નથી, ભોગ બનનારને કોણ હેરાન કરતુ હતુ તે તેમણે જોયેલ નહિ તેમ જણાવેલ છે. ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કરેલ સ્વીકાર મુજબ બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને ખાલી જાણવા મળેલ તેમ જણાવેલ છે. વધુમાં, ફરીયાદ પક્ષે સાહેદ સંજયસિંહ રવુભા જાડેજાને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદે પોતાના મૌખિક પુરાવા દરમ્યાન તેઓ સને ૨૦૨૨ ના વર્ષમાં જી.આર.ડી.માં નોકરી કરતા હતા, ભોગ બનનાર ફરીયાદી બેન જેઓ પણ તેમની સાથે યુનિટમાં નોકરી કરતા હતા, તેઓની નોકરી રામપર વેકરા ગામે હતી અને તેમની સાથે નોકરી કરતા નરશીભાઈ મહેશ્વરીએ તેમને જાણ કરેલ કે ભોગ બનનાર ફરીયાદી બેનના મોબાઈલ ઉપર કોઈ મેસેજ કરી તેઓને હેરાન કરે છે, તેમણે નરશીભાઈને જાણ કરેલ કે ગઢશીશા પોલિસ સ્ટેશન લાગે છે જેથી તમો ગઢશીશા પોલિસ સ્ટેશને જાવ તેવી વાત કરેલ તેમ જણાવેલ છે. જો કે ભોગ બનનાર ફરીયાદી બેનને કોણ મોબાઈલથી મેસેજ કરી હેરાન કરતુ હતુ તેની તેમને ખબર નથી, નરશીભાઈએ તેમને કોઈ નામ જણાવેલ નથી તેમ જણાવેલ છે. ત્યાર બાદ આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કરેલ સ્વીકાર મુજબ બનાવ અંગે તેમને કોઈ જાત માહિતી નથી, એ વાતનો સ્વીકાર કરે છે કે તેમને ખાલી જાણવા મળેલ હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત બન્ને સાહેદોનો પુરાવો એ નજરે જોનાર સાહેદ તરીકેનો નથી અને તેઓએ સાંભળેલી હકીકતનો પુરાવો આપેલ છે એટલે કે તેઓ ''હિયર–સે'' સાહેદો છે, જેથી તેમનો પુરાવો ઉપર જણાવ્યા મુજબ માનવાલાયક, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર જણાય આવતો નથી.

વધુમાં, ફરીયાદ પક્ષ ધ્વારા આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદો અટક પંચનામાની હકીકતને સમર્થન કરેલ ન હોય અને હોસ્ટાઈલ જાહેર થયેલ છે, જેથી આ કામના સ્વતંત્ર અને તટસ્થ એવા

પંચ સાહેદોની જુબાનીથી આંક–૧૫ થી રજુ થયેલ અટક પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

જયારે આ કામે તપાસ કરનાર અમલદારે તેમની ફરજના ભાગ રૂપેની કામગીરી કરેલ છે, જેથી માત્ર પોલિસ સાહેદની જુબાની ઉપર સંપુર્ણ આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. વધુમાં, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં પ્રાથમિક શાળા તથા રહેણાંક મકાનો આવેલ છે અને ત્યાં માણસોની અવર જવર રહેતી હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે, તેમ છતાં પણ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલા નથી. વધુમાં, આ કામે ફરીયાદી તથા સાહેદોની જુબાની દરમ્યાન આવેલ વિરોધાભાસને તપાસ કરનાર અમલદારની જુબાની દરમ્યાન ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી. તદુપરાંત, ફરીયાદી (ભોગ બનનાર)એ મૌખિક પુરાવામાં જે હકીકતો જણાવેલી છે તેને ફરીયાદ પક્ષના અન્ય કોઈ સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન મળતુ નથી કે તેવો કોઈ પુરાવો રજુ કરાયેલ નથી. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, આ કામના ફરીયાદી તથા સાહેદ ધનબાઈએ પોત પોતાના મૌખિક પુરાવામાં જણાવ્યા મુજબ છોકરાએ માફી માંગતા તેઓ પોલિસ સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલ ન હોવાની હકીકત જણાવેલ છે, ત્યાર બાદ બનાવ બનેલ તે દિવસે સાંજે તપાસ કરનાર અમલદારશ્રી ધ્વારા ભોગ બનનાર ફરીયાદી બેનના ઘરે જઈ ફરીયાદ લીધેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે, જેથી આરોપી વિરૂધ્ધ ફરીયાદીએ હાલની જે આ ફરીયાદ બનાવ બનેલ તેના અંદાજે છ કલાક બાદ વિલંબથી નોંધાવેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કે ખૂલાસો કરેલ ન હોવાથી તેમાં શંકા ઉપસ્થિત થાય છે.

**(૯.૧)** ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીએ ફરીયાદીના મોબાઈલ નં. ૭૯૯૦૪૫૨૬૫૦ વાળા ઉપર બનાવેલ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. nanda–sangar 3 નામની આઈ.ડી. પર આરોપીએ તેની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. sajid–kumbhar–1459 વાળા પરથી ફરીયાદીને હાય હેલ્લો, જાનુ જેવા ખરાબ મેસેજ

કરી, ઈ.પી.કોડની કલમ–૩૫૪(ડી) મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. જે સંબંધે ઈ.પી.કોડની કલમ–૩૫૪(ડી) ધ્યાને લેવી જરૂરી બને છે, જે નીચે મુજબ છે :–

**354 D. Stalking.–**

(1) Any man who–(i) follows a woman and contacts, or attempts to contact such woman to foster personal interaction **repeatedly** despite a clear indication of disinterest by such woman; or (ii) monitors the use by a woman of the internet, email or any other form of electronic communication, commits the offence of stalking:
Provided that such conduct shall not amount to stalking if the man who pursued it proves that–
(i) it was pursued for the purpose of preventing or detecting crime and the man accused of stalking had been entrusted with the responsibility of prevention and detection of crime by the State; or (ii) it was Page 14 of 16pursued under any law or to comply with any condition or requirement imposed by any person under any law; or (iii) in the particular circumstances such conduct was reasonable and justified.

(2) Whoever commits the offence of stalking shall be punished on first conviction with imprisonment of either description for a term which may extend to three years, and shall also be liable to fine; and be punished on a second or subsequent conviction, with imprisonment of either description for a term which may extend to five years, and shall also be liable to fine.]

આ કામે આરોપી ઉપર ફ્રેમ થયેલ ચાર્જ મુજબ આરોપીએ તા: ૯–૭–૨૦૨૨ ના રોજ  ફરિયાદીને ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. nanda–sangar3 નામની સોશિયલ મીડિયા એપ્લિકેશન ઉપર તેઓના આઈ.ડી. sajid–kumbhar–1459 ઉપરથી હાય, હેલ્લો, જાનુ જેવા મેસેજ કરી ઈ.પી.કોડની કલમ–૩૫૪(D) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે, પરંતુ સમગ્ર પુરાવો વંચાણે લેતા આ કામના આરોપીએ ફરિયાદીનો પીછો કરેલ હોય તેવો કોઈ કેસ નથી. વધુમાં મૂળ ફરિયાદીની જુબાની મુજબ આ કામના આરોપીએ ફરિયાદીને

ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરેલ છે, પરંતુ સદર હકીકત પુરવાર કરવા કોઈ ઈલેક્ટ્રોનિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં જે પ્રોફાઈલ પરથી મેસેજ આવેલ છે તે પ્રોફાઈલ આ કામના આરોપીની હોય તે પુરવાર કરતો કોઈ પુરાવો આ કામે રજૂ નથી. વધુમાં મૂળ ફરિયાદીની જુબાની જો સાચી પણ માની લેવામાં આવે તો પણ ઇ.પી.કોડની કલમ-354D મુજબ આરોપીએ મૂળ ફરિયાદીને સંપર્ક કરવાના વારંવાર પ્રયાસો કરેલ હોય તેવું પણ પુરવાર થતું નથી. વધુમાં ફરિયાદીની જુબાની વંચાણે લેતા તેઓએ આરોપીને કેમ મેસેજ કરે છે તેવું પૂછતા આરોપીએ હવે મેસેજ નહિ કરું તેવું જણાવેલ છે. આમ, ફરિયાદીના મેસેજ કરવાનું કારણ પૂછ્યા બાદ આરોપીએ ફરીથી ફરિયાદીને મેસેજ કરેલ હોય તેવો કોઈ ફરિયાદ પક્ષનો કેસ નથી. આ તબક્કે નામદાર બોમ્બે હાઈકોર્ટના **<u>Bhushan Versus State Of Maharashtra 2025 (0) AIJEL-MH 2502882</u>** ના ચુકાદામાં આપવામાં આવેલ માર્ગદર્શિકા ધ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે:-

"16. The next important issue is as to whether the incident narrated before the Court, even if taken at its face value, would constitute the offence of stalking. Learned Judge has acquitted the appellant of the offence punishable under Section 354-A of the IPC and under Section 12 of the Protection of Children from Sexual Offences Act, 2012 (hereinafter referred to as 'the POCSO Act' for short). Section 354-A of the IPC and Section 12 of the POCSO Act had been applied against the appellant on the same set of facts. Learned Judge has recorded a finding that the act done by the appellant was not done with sexual intent and therefore, it would not constitute the offence of molesting the modesty of the victim. Learned Judge has recorded a finding that the offence of stalking, as defined under Section 354-D of the IPC, has been made out. In my opinion, this finding also cannot be sustained. **It is not the case of the victim girl that prior to occurrence of the**

**incident dated 23.07.2018, the appellant followed her to foster personal interaction despite a clear indication of disinterest on her part**. The first incident, according to the victim, occurred in the bus and the second incident occurred immediately after getting down from the bus. As far as incident dated 25.07.2018 is concerned, the victim has not attributed any role to the appellant. She has not stated that on 25.07.2018, the appellant and his friend followed her or made any sign or gesture and therefore, she was scared. In fact, she stated that after seeing the appellant and his friend on motorcycle, she was scared. Undisputedly, the appellant and the victim are resident of same village. The victim was scared because of the presence of the appellant on the way while attending the tuition class. This act could not be said to be an attempt to foster personal interaction with the victim girl. Learned Judge, on the basis of the solitary incident occurred on one day, has recorded a finding that the appellant followed the victim girl to foster personal interaction repeatedly despite a clear indication of disinterest by such woman. On the basis of such solitary instance, the offence of stalking cannot be invoked. **The word 'repeatedly' indicates the recurrence of the act for a continuous period of time**. **The act of fostering personal interaction must be done repeatedly to attract the offence of stalking**."

આમ, ઉપરોક્ત માર્ગદર્શિકા સદર કેસમાં રજૂ પુરાવાને ધ્યાને રાખી વંચાણે લેતા ફરિયાદ પક્ષનો એવો કેસ નથી કે આરોપી વારંવાર મૂળ ફરિયાદી/પીડિતા દ્વારા રસ ન હોવાનો સ્પષ્ટ સંકેત આપવા છત્તા વ્યક્તિગત ક્રિયા પ્રતિક્રિયાને પ્રોત્સાહન આપવા માટે અનુસરતો હતો. આમ, સમગ્ર પુરાવો ધ્યાને લેતા

આરોપીને આઇ.પી.સી.ની કલમ-354D મુજબના સજાને પાત્ર ગુનામાં દોષી માનવાપાત્ર ઠોસ પુરાવો રજૂ ન હોય, આરોપી શંકાના લાભને પાત્ર બને છે.

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફોજદારી કેસમાં ફરીયાદ પક્ષે આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ પ્રમાણેનો કેસ સચોટ, નકકર, માનવાલાયક, વિશ્વસનીય અને શંકારહિત પુરવાર કરવાનો હોય છે, માત્ર અનુમાન, ધારણા, શકયતા અને સંભાવનાઓ આધારે ફરીયાદ પક્ષનો કેસ સાબિત થયેલ માની શકાય નહિ તેમજ કેસમાં બે પ્રકારના પુરાવા હોય તો કોર્ટે આરોપીના લાભનો પુરાવો ઘ્યાનમાં લેવો જોઇએ, સાથે સાથે એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે ફરી ગયેલા સાક્ષીના પુરાવાની અવગણના કરી શકાય નહિ. પક્ષકારો તેમને અનુકુળ હોય તેવી જુબાનીની હકીકત પોતાના કેસ માટે રજુ કરી શકે છે પરંતુ કોર્ટે સભાનતાપુર્વક જુબાનીનું મૂલ્યાંકન કરવુ જરૂરી છે. હવે ઉપરોકત પરીપ્રેક્ષ્યમાં આ કેસમાં રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ઘ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરૂઘ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુન્હો પુરવાર કરવામાં અસફળ રહેલ છે.

આમ, ફરીયાદ પક્ષ તરફે જે પુરાવો રજુ થયેલ છે તેના આધારે આરોપીને ગુના સાથે સીધા કે આડકતરી રીતે સાંકળી શકાય નહિ, જેથી ફરીયાદ પક્ષ આરોપી સામેની આક્ષેપિત હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે ત્યારે **મુદા નં.૧ નો જવાબ નકારમાં** આપી, **મુદા નં.ર અન્વયે નીચે મુજબ આખરી હુકમ** કરવામાં આવે છે :-

## -: હુકમ :-

ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે, આ કામના **આરોપી-સાજીદ હુસેન કુંભાર,** રહે.રામપર વેકરા, તા.માંડવીવાળાને ઈ.પી.કોડની કલમ-૩૫૪(ડી) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ

આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ છ માસ માટે આરોપીએ રૂા. ૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત–મુચરકા રજુ કરવાં.

આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ મોબાઈલ અંગે અગાઉ વચગાળાની કસ્ટડી સોંપતો જો અન્ય કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો અપીલ સમય વીત્યા બાદથી તે બિનશરતી કાયમ રાખવો અન્યથા અપીલ સમય વીત્યા બાદ મોબાઈલ તેના મૂળ માલિકને માલિકી અંગેના જરૂરી આધાર પુરાવા રજુ કર્યેથી ખરાઈ કરીને પરત સોંપી આપવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૨૭–૧૦–૨૦૨૫
**સ્થળ :** માંડવી

**(મયુર સુભાષભાઈ ગેલોદ)**
એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૭૫૬